**ગુજરાતમાં ‘બાળ સંરક્ષણ નીતિ-2026’ જાહેર: હિંસા, શોષણ, દુર્વ્યવહાર અને ઉપેક્ષા સામે ઝીરો ટોલરન્સ**

# બાળકો વિરુદ્ધની કોઈપણ પ્રકારની હિંસા ચાલશે નહીં

**બાળ સુરક્ષાનું કવચ હવે માત્ર ઘર કે શાળા પૂરતું મર્યાદિત નહીં રહે, પરંતુ હૉસ્પિટલ, બાળ સંભાળ સંસ્થા, કાર્યસ્થળ, જાહેર સ્થળો અને બાળકોની ડિજિટલ દુનિયા સુધી વિસ્તરશે**

ગાંધીનગરઃ ગુજરાતમાં બાળકોને હિંસા, શોષણ, દુર્વ્યવહાર, ઉપેક્ષા અને ભેદભાવથી સુરક્ષિત રાખવા માટે રાજ્ય સરકારે ‘ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ નીતિ-2026’ જાહેર કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ જાહેર કરાયેલી આ નીતિમાં બાળ સુરક્ષાનું કવચ હવે માત્ર ઘર કે શાળા પૂરતું મર્યાદિત નહીં રહે, પરંતુ હૉસ્પિટલ, બાળ સંભાળ સંસ્થા, કાર્યસ્થળ, જાહેર સ્થળો અને બાળકોની ડિજિટલ દુનિયા સુધી વિસ્તરશે. બાળકો વિરુદ્ધ કોઈપણ પ્રકારની હિંસા અને શોષણ સામે ‘ઝીરો ટોલરન્સ’ના અભિગમ સાથે તૈયાર કરાયેલી આ નીતિમાં બાળકના શ્રેષ્ઠ હિત, ગૌરવ, સમાનતા, સુરક્ષા અને સર્વાંગી વિકાસને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યા છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા જાહેર કરાયેલી આ નીતિ રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી અમલમાં આવી ગઈ છે. નીતિ તૈયાર કરતી વખતે પોક્સો (POCSO) નિયમો, જુવેનાઈલ જસ્ટિસ અધિનિયમ, બાળલગ્ન પ્રતિબંધ કાયદો, બાળમજૂરી સંબંધિત કાયદા તથા શાળા સલામતી સહિતના વિવિધ કાયદાકીય અને નીતિગત માળખાનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

### ડિજિટલ દુનિયામાં પણ બાળકોને બચાવવામાં આવશે

ડિજિટલ યુગમાં બાળકો સામે ઊભા થતાં નવા જોખમોને ધ્યાનમાં રાખીને નીતિમાં ઇન્ટરનેટ, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ડિજિટલ ટેક્નોલોજી સાથે જોડાયેલા સાયબર જોખમો સામે નિવારણ અને પ્રતિભાવની વ્યવસ્થા મજબૂત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. શાળા, હોસ્પિટલ, બાળ સંભાળ સંસ્થા, કાર્યસ્થળ અને જાહેર સ્થળોને વધુ ‘બાળ-સુરક્ષિત’ બનાવવાની દિશામાં પણ નીતિમાં ભાર મૂકાયો છે.

### બાળ સુરક્ષા હવે સમગ્ર સમાજની જવાબદારી

સ્થાનિક સંસ્થાઓ, એનજીઓ, નાગરિક સમાજ, કોર્પોરેટ અને વેપારી ગૃહો, ઉદ્યોગો, મીડિયા, ધાર્મિક સંસ્થાઓ, બાળ સંભાળ સંસ્થાઓ તેમજ બાળકોના સંપર્કમાં આવતી તમામ વ્યક્તિઓને પણ બાળ સુરક્ષાની સામૂહિક વ્યવસ્થામાં જોડવામાં આવ્યા છે. બાળ દુર્વ્યવહાર, જાતીય શોષણ, બાળલગ્ન, બાળમજૂરી, માનવ તસ્કરી, ઓનલાઇન દુર્વ્યવહાર, ભેદભાવ, ત્યાગ અથવા ઉપેક્ષાની શંકા જણાય ત્યારે ચાઇલ્ડ હેલ્પલાઇન 1098/112, પોલીસ અથવા બાળ કલ્યાણ સમિતિને જાણ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. માહિતી આપનારની ઓળખ ગુપ્ત રાખવાની પણ જોગવાઈ છે.

### કર્મચારીઓનું પોલીસ વેરિફિકેશન અને તાલીમ પર ભાર

બાળકો સાથે સીધો સંપર્ક ધરાવતી સંસ્થાઓના નિયમિત તેમજ કરાર આધારિત કર્મચારીઓ, સ્વયંસેવકો અને અન્ય સંબંધિત વ્યક્તિઓની પૃષ્ઠભૂમિની તપાસ અને પોલીસ વેરિફિકેશન સુનિશ્ચિત કરવાની દિશા નક્કી કરવામાં આવી છે. શિક્ષકો, તબીબો, આરોગ્ય કર્મચારીઓ, સલાહકારો સહિત બાળકો સાથે કામ કરતા લોકોને બાળ અધિકારો, POCSO અને જુવેનાઈલ જસ્ટિસ સહિતના કાયદાઓ અંગે તાલીમ આપવાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

### 50થી વધુ કર્મચારીઓ હોય ત્યાં ક્રેચની સુવિધા

બાળ સુરક્ષાને પરિવાર અને કાર્યસ્થળ સાથે જોડતી જોગવાઈ હેઠળ 50 કે તેથી વધુ કર્મચારીઓ ધરાવતી સંસ્થાઓમાં કર્મચારીઓના બાળકો માટે ક્રેચ અથવા મોબાઇલ ક્રેચની સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે. જાહેર સ્થળોએ બાળકો માટે અનુકૂળ ઝોન તથા માતાઓ માટે શિશુ સંભાળની સુરક્ષિત જગ્યાઓ વિકસાવવાની દિશામાં પણ જોગવાઈ કરવામાં આવી છે.

# કચ્છમાં મેઘતાંડવ: રેડ એલર્ટ વચ્ચે માંડવીમાં ૭ ઈંચ વરસાદ

**અંજારમાં ૭.૨૪, વલ્લભીપુરમાં ૬.૧૦, જામનગરમાં ૫.૫૯ અને બોરસદમાં ૫.૫૧ ઈંચ; ૨૫૯ તાલુકા મેઘમહેરથી તરબતર**

**કચ્છમાં અતિભારે વરસાદની આગાહી, દ્વારકા ઓરેન્જ એલર્ટ પર; રાજ્યના ૪૦ ડેમ હાઇ એલર્ટ**

ગાંધીનગરઃ ગુજરાતમાં ચોમાસાએ ફરી એક વખત જોર પકડતાં રાજ્યના અનેક વિસ્તારોમાં મેઘમહેરનો ધમાકો જોવા મળી રહ્યો છે.

કચ્છમાં રેડ એલર્ટ વચ્ચે આજે માંડવીમાં માત્ર ૧૦ કલાકમાં જ ૬.૯૭ ઈંચ વરસાદ ખાબક્યો, જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૫૯ તાલુકામાં વરસાદ નોંધાયો છે. અંજારમાં ૭.૨૪ ઈંચ, વલ્લભીપુરમાં ૬.૧૦ ઈંચ, જામનગરમાં ૫.૫૯ ઈંચ, બોરસદમાં ૫.૫૧ ઈંચ અને ઉનામાં ૫.૪૩ ઈંચ વરસાદ નોંધાતા અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે. બીજી તરફ, ૧૫ સપ્ટેમ્બર સુધીમાં ગુજરાતની મોસમનો કુલ વરસાદ ૮૪.૩૮ ટકા એટલે કે ૭૬૬.૬૬ મિ.મી. થઈ ગયો છે.

કચ્છમાં અતિભારે વરસાદની હવામાન વિભાગની રેડ એલર્ટની આગાહી વચ્ચે જામનગર અને દેવભૂમિ દ્વારકા ઓરેન્જ એલર્ટ પર હોવાથી રાજ્યમાં તંત્રને પણ એલર્ટ મોડ પર રાખવામાં આવ્યું છે.

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૩૪ જિલ્લાઓના ૨૫૯ તાલુકાઓમાં વ્યાપક વરસાદ થયો છે. આજે સવારે છથી સાંજે ચાર વાગ્યા સુધીમાં જ કચ્છના માંડવીમાં ૧૭૭ મિ.મી. એટલે કે ૬.૯૭ ઈંચ, અબડાસામાં ૨.૧૩ ઈંચ, મુન્દ્રામાં ૧.૫૭ ઈંચ અને નખત્રાણામાં એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. કચ્છમાં વરસાદનું જોર યથાવત રહેતાં આગામી કલાકો વધુ ભારે બની શકે છે.

### દક્ષિણ ગુજરાતમાં સિઝનનો વરસાદ ૧૧૨ ટકા પાર

રાજ્યમાં પ્રદેશવાર વરસાદની સ્થિતિ જોતા દક્ષિણ ગુજરાત મેઘમહેરમાં બાજી મારી છે. દક્ષિણ ગુજરાતમાં મોસમના સરેરાશ સામે ૧૧૨.૩૨ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૮૪.૯૦ ટકા, સૌરાષ્ટ્રમાં ૬૫.૧૪ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૩.૨૮ ટકા અને કચ્છમાં ૪૮.૬૨ ટકા વરસાદ નોંધાયો છે. સમગ્ર રાજ્યનો સરેરાશ વરસાદ હવે ૮૪.૩૮ ટકા થઈ ગયો છે.

# સચિન-હોજીવાલામાં 4 કરોડના ખર્ચે 2 ફૂટ ઓવરબ્રિજ બનશે

**સચિન જીઆઇડીસી ફ્લાયઓવર અને વાંઝ નજીક આ ફૂટ ઓવરબ્રિજ બનશે**

**NH-53 પર હજારો શ્રમિકો-કર્મચારીઓને હાઇવે ક્રોસ કરવાની સમસ્યામાંથી મળશે રાહત**

સુરતઃ સચિન જીઆઇડીસી અને હોજીવાલા ઔદ્યોગિક વસાહતમાં કામ કરતાં હજારો શ્રમિકો માટે લાંબા સમયથી જોખમી બનેલી હાઇવે ક્રોસ કરવાની સમસ્યાના ઉકેલ તરફ મહત્ત્વનું પગલું ભરાયું છે.

નેશનલ હાઇવે-53 પર સચિન જીઆઇડીસી ફ્લાયઓવર નજીક તેમજ હોજીવાલા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પાસે વાંઝ ગામ નજીક કુલ રૂ.4 કરોડના ખર્ચે બે ફૂટ ઓવરબ્રિજ બનાવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

હાઈવે ક્રોસ કરવાની જોખમી સમસ્યાના કાયમી ઉકેલ માટે સચિન જીઆઇડીસીના પ્રમુખ મયુર ગોળવાળા અને હોજીવાલા ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ હેમંત હોજીવાલા સહિતના આગેવાનોએ ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઇ સમક્ષ રજૂઆત કરી હતી. રજૂઆતને પગલે ધારાસભ્ય સંદીપ દેસાઇએ કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલના નેતૃત્વમાં નેશનલ હાઇવે ઓથોરિટીના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી બંને સ્થળે ફૂટ ઓવરબ્રિજની જરૂરિયાત અંગે રજૂઆત કરી હતી. રજૂઆત બાદ હવે હાઇવે ઓથોરિટી દ્વારા બંને સ્થળે ફૂટ ઓવરબ્રિજ માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

સચિન જીઆઇડીસી ફ્લાયઓવર નજીક અંદાજે રૂ.2 કરોડના ખર્ચે, જ્યારે હોજીવાલા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ-વાંઝ ગામ નજીક રૂ.2 કરોડના ખર્ચે બીજો ફૂટ ઓવરબ્રિજ બનાવવામાં આવશે. બંને ઓવરબ્રિજ તૈયાર થયા બાદ શ્રમિકો અને સ્થાનિક નાગરિકોને સીધા હાઇવે પર વાહનો વચ્ચે રસ્તો ઓળંગવાની ફરજ નહીં પડે. પરિણામે રાહદારીઓની સલામતી વધવાની સાથે NH-53 પર અકસ્માતનું જોખમ પણ ઘટવાની શક્યતા છે. બંને પ્રોજેક્ટને આગળ ધપાવવા માટેની વહીવટી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.

**પડતર પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો આંદોલન ઉગ્ર બનાવવાની ચીમકી**

# ૨૧ સપ્ટે.થી રાજ્યના ગ્રામસેવકો દ્વારા ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર

**૨૫મીએ પેન ડાઉન અને ૧ ઓક્ટોબરે માસ સીએલ**

સુરત : ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળના આહ્વાન હેઠળ ગ્રામસેવકો દ્વારા પડતર પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે તબક્કાવાર આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. આગામી ૨૧ સપ્ટેમ્બરથી તમામ ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કરવાની જાહેરાત કરવામાં આવી છે.

સુરત જિલ્લા ગ્રામસેવક મંડળના મહામંત્રી નરેશ મકવાણાએ જણાવ્યું હતું કે ગ્રામસેવકો લાંબા સમયથી સરકાર અને સંબંધિત વિભાગો સમક્ષ પડતર પ્રશ્નો અંગે રજૂઆતો કરી રહ્યા છે. અગાઉ મહામંડળ દ્વારા સાત દિવસનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું હોવા છતાં કોઈ અસરકારક સંવાદ કે ઉકેલ આવ્યો નથી. પરિણામે હવે આંદોલનને તબક્કાવાર વધુ ઉગ્ર બનાવવાનો નિર્ણય લેવાયો છે. ગ્રામસેવકોની મુખ્ય ફરિયાદ એ છે કે રેવન્યુ તલાટી, પંચાયત તલાટી અને ખેતી મદદનીશ કેડરની કામગીરી પણ ગ્રામસેવકો પર થોપવામાં આવી રહી છે.

પાક કાપણી અખતરા, PM-KISAN e-KYC, ફાર્મર રજિસ્ટ્રી સહિતની કામગીરીનો વધારાનો બોજ ગ્રામસેવકો પર આવી રહ્યો છે. નવા સેજાનું પુનઃગઠન કરીને એકથી બે ગામ વચ્ચે એક ગ્રામસેવકની નિમણૂક કરવાની માંગ કરવામાં આવી છે. સુરત જિલ્લા ગ્રામસેવક મંડળના પ્રમુખ ભાવેશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે ગ્રામસેવક કેડરમાં પ્રમોશનની તકો વધારવા, પ્રથમ ઉચ્ચતર પગારધોરણમાં ૪૨૦૦ ગ્રેડ-પે આપવા, ટ્રાન્સપોર્ટ તથા CETA એલાઉન્સમાં વધારો કરવા તેમજ ઓનલાઈન કામગીરી માટે સ્માર્ટફોન, કમ્પ્યુટર અને ઈન્ટરનેટની સુવિધા અથવા ભથ્થું આપવાની માંગણીઓ અંગે સરકાર તરફથી હકારાત્મક નિર્ણય નહીં લેવાતા હવે આગામી તબક્કા તરીકે ૨૧ સપ્ટે.થી ગ્રામસેવકો ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કરશે. ત્યારબાદ ૨૫ સપ્ટેમ્બરે પેન ડાઉન કાર્યક્રમ અને ૧ ઓક્ટોબરે તમામ કર્મચારીઓ દ્વારા માસ સીએલનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ પછી પણ પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો ૨ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળ પર જવાની ચીમકી આપવામાં આવી છે.

**રોડ માર્જિનમાં દબાણોથી અકસ્માતનો ખતરો**

# સુરત જિલ્લાનાં મુખ્ય જંક્શનો પરથી હોર્ડિંગ્સ-દબાણો હટાવો

સુરતઃ સુરત જિલ્લાના વિવિધ માર્ગો પર રોડ માર્જિનની જગ્યામાં ખડકાયેલા અનધિકૃત હોર્ડિંગ્સ, જાહેરાતી બોર્ડ અને ગેરકાયદે દબાણો રોડ સેફ્ટી માટે ગંભીર જોખમ બની રહ્યા હોવાનો મુદ્દો ઊઠ્યો છે. આ તમામ દબાણો સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ સાથે પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક જિલ્લા કલેક્ટર તથા જિલ્લા રોડ સેફ્ટી કમિટીના અધ્યક્ષ ઉપરાંત સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક, RTO અને માર્ગ-મકાન વિભાગના અધિકારીઓને લેખિત રજૂઆત કરી છે. તેમાં ઓલપાડ-સાયણ, દાંડી રોડ, કામરેજ-વહાણા, કીમ-માંડવી, બારડોલી-કડોદરા, બારડોલી-મહુવા, બારડોલી-વાલોડ અને માંડવી-ઝંખવાવ સહિતના વિવિધ માર્ગો પર રોડ માર્જિનમાં આવેલા હોર્ડિંગ્સ અને દબાણો દૂર કરવાની માંગ કરવામાં આવી છે. ઓલપાડ, સાયણ, કડોદ, નવી પારડી, દેલાડ, કોસમાડી, મોસાલી, કીમ અને દીગસ જેવા મુખ્ય જંક્શનોની આસપાસ મોટી સંખ્યામાં નાના-મોટા જાહેરાતી બોર્ડ તથા હોર્ડિંગ્સ ઉભા કરાયા હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. વળાંક કે ચાર રસ્તા પાસે આવા બોર્ડ વાહનચાલકો માટે જરૂરી સાઈટ ડિસ્ટન્સ અને દશ્યતા ઘટાડે છે.

### વાવાઝોડા-ચોમાસામાં હોર્ડિંગ્સ પણ જોખમી

રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે નબળી ગુણવત્તાવાળા અથવા યોગ્ય રીતે ફિટિંગ ન કરાયેલા હોર્ડિંગ્સ ચોમાસા અને વાવાઝોડા દરમિયાન ધરાશાયી થાય તો વાહનચાલકો અને રાહદારીઓના જીવ માટે જોખમી બની શકે છે. બીજી તરફ મુખ્ય ચાર રસ્તાઓ પરના દબાણોના કારણે વાહનવ્યવહારની ગતિ ધીમી થતી હોવાથી ટ્રાફિકની સમસ્યા પણ વકરી રહી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### હવે નકલી...

ફુડ અને ડ્રગ વિભાગે પાડેલા દરોડામાં શિવમ ટ્રેડિંગ કંપનીમાંથી રૂ. 16.79 લાખનો શંકાસ્પદ ખાદ્યતેલનો જથ્થો કબ્જે કર્યો હતો.

કામરેજના નવાગામ ઉદ્યોગનગરની આસપાસના વિસ્તારો જાણે કે ખાદ્ય ઘી તેમજ તેલનું ડુપ્લિકેશન માટેનું હબ બની ગયું હોય એમ લાગી રહ્યું છે. આ અગાઉ ઉદ્યોગનગર નજીકથી શંકાસ્પદ હાલતમાં મોટી માત્રામાં ઘીનો જથ્થો મળી આવ્યો હતો. બાદ સોમવારના રોજ મોડી સાંજે ગાંધીનગર સી.આઈ.ડી. ક્રાઈમની ટીમને બાતમી મળી હતી કે, નવાગામની હદમાં પાસદોરા પાટિયા નજીક આવેલા નવકાર બિઝનેસ હબમાં આવેલા પ્લોટ નં.34માં શિવ ટ્રેડિંગ કંપનીમાં શંકાસ્પદ હાલતમાં ખાદ્ય તેલનો જથ્થો હોવાની માહિતના આધારે સુરત ફૂડ એન્ડ ડ્રગ વિભાગ સાથે રેડ કરી હતી. રેડમાં ચેકિંગ કરતાં શિવમ ટ્રેડિંગ કંપનીના માલિક જયેશ વિનુ હિરપરા ભેળસેળ કરીને ખાદ્યતેલ બનાવી રહ્યા હતા.

તપાસમાં 497 કિલો સિંગતેલ કિં. રૂ.1,07,155,703 કિલો, કપાસીયા તેલ કિં.રૂ.1,29,250,536 કિલો, સન ફ્લાવર તેલ કિં.રૂ.1,14,440, જ્યારે 11998 કિલો સોયાબીન તેલ કિં. રૂ.16,79,720નો શંકાસ્પદ જથ્થો મળી આવ્યો હતો. તેલમાં ફ્લેવર એસેન્સની માત્રા પણ મળી આવતાં ફૂડ વિભાગે જરૂરી નમૂના લઈને તપાસ માટે મોકલીને તમામ જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. આ ટ્રેડિંગ કંપની અંગે પણ પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. ત્યારે કામરેજ તાલુકામાં હજી આવા કેટલા ખાદ્ય પદાર્થો ભેળસેળયુક્ત છે.

### ગણેશોત્સવને...

મુજબ પીએમ (પોસ્ટમોર્ટમ) કરાવવા માટે અનાવલ પોલીસ મથકે જાણ કરવામાં આવી છે. પોલીસે આ અંગે અકસ્માતે મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### શૌચાલય પાસે...

રસોડામાં અત્યંત ગંદકી, દુર્ગંધ અને હાનિકારક ખાદ્યસામગ્રી મળી આવતા આવી હતી. રેલવે સ્ટેશનના પાંચ મોટા રેસ્ટોરન્ટમાં કરાયેલી આ તપાસમાં રસોડાની બદતર સ્થિતિ જોઈને અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા.

### કઈ હોટલમાં...

દુર્ગંધ આવી રહી હતી.

- શેર-એ-પંજાબમાં 5 વર્ષથી ફ્રિજ સાફ નહીં: વર્ષ 1977થી ચાલતી જાણીતી ‘શેર-એ-પંજાબ’ રેસ્ટોરન્ટમાં છેલ્લા પાંચ વર્ષથી ફ્રિજ સાફ જ ન કરાયું હોવાનું ખૂલ્યું હતું, જેમાંથી અસહ્ય વાસ આવી રહી હતી.
- સડેલું પનીર અને રૂ. 100 વાળો સોસઃ હોટલોમાં માત્ર રૂ. 100ના 5 લીટર મળતા હલકી ગુણવત્તાના ફૂડ સોસ, સડેલા શાકભાજી અને સડેલા પનીરનો બેરોકટોક ઉપયોગ થતો હતો.
- સેમ્પલ લેબમાં મોકલાયા: ‘હોટલ સવેરા’ સહિતના એકમોમાંથી ફૂડ સોસ, પનીર તેમજ અન્ય ખાદ્યપદાર્થોના સેમ્પલ જપ્ત કરી પરીક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

### જો કોઈનું...

કે કોઈપણ હોટલમાં ખાતા પહેલાં તેના રસોડાની સ્વચ્છતાની જાતે ખરાઈ કરે અને ગંદકી ધરાવતી હોટલોથી દૂર રહે. નિયમભંગ કરનારા તમામ એકમો સામે ફૂડ સેફ્ટી એક્ટ તેમજ પોલીસ કાયદા હેઠળ કડક પગલાં લેવાની તજવીજ હાથ ધરાઈ છે.

### સાંસદ ગોવિંદ...

હતી. સિક્કા ખરીદવાના બહાને લોકો પાસેથી પ્રોસેસિંગ ફી પેટે ૧,૫૦૦ ઓનલાઈન UPI મારફતે ટ્રાન્સફર કરાવી ઠગાઈ આચરવામાં આવતી હતી. આ મામલે SRK કંપનીના સિક્યુરિટી એન્ડ સર્વેલન્સ વિભાગના નિવૃત્ત DySP આર.જી. જાડેજાને જાણ થતાં તેમણે શકમંદ નંબર પર સંપર્ક કર્યો હતો. સામેથી હિન્દીમાં વાત કરતી વ્યક્તિએ પોતે ગોવિંદ ધોળકિયા હોવાનું કહી પેમેન્ટની માગણી કરી હતી. વધુ પૂછપરછ કરાતાં જ સામેવાળાએ ફોન કાપી નાખ્યો હતો. સાયબર ક્રાઈમ પોલીસે BNS અને IT એક્ટ હેઠળ ગુનો નોંધી ટેકનિકલ એનાલિસિસના આધારે તપાસ હાથ ધરી હતી. પોલીસે ગત ૧૪ સપ્ટેમ્બરના રોજ હરિયાણાના નૂહ (મેવાત) જિલ્લાના ઢાઢોલા ગામમાંથી બે આરોપીઓ (૧) પરવેજ આરીફ કુમેદાન (ઉં.વ. ૨૫) અને (૨) ઈરસાદ કુમેદાન સમ્મુ (ઉં.વ. ૩૦) ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વૃદ્ધાની હત્યામાં...

પ્રવેશ્યો તથા હત્યા પાછળનું કારણ શું હોઈ શકે તે સહિતના મુદ્દાઓ પર પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસે એમીબેનના ઘરે કામ કરવા આવતી કામવાળી મહિલા, બિલ્ડિંગના વોચમેન તેમજ અન્ય રહેવાસીઓના નિવેદનો લીધા છે. જોકે અત્યાર સુધીની પૂછપરછમાં પોલીસને કોઈ મહત્વની કડી મળી નથી. મૃતકના બાજુનો એક ફ્લેટ લાંબા સમયથી ખાલી હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે અન્ય એક ફ્લેટમાં વૃદ્ધ દંપતી રહે છે. તેમની સાંભળવાની ક્ષમતા પણ નબળી હોવાથી ઘટનાના સંદર્ભમાં ત્યાંથી પણ પોલીસને કોઈ ઉપયોગી માહિતી મળી નથી. દરમિયાન ગુનાની તપાસમાં જોડાયેલી ક્રાઈમ બ્રાંચે બિલ્ડિંગ તથા આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ તપાસ્યા હતા. જોકે અત્યાર સુધી કોઈ શકમંદ વ્યક્તિ નજરે ન આવતા સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાંચ આરોપી સુધી પહોંચવા માટેની કડી મેળવવામાં મૂંઝવણમાં મુકાઈ છે. પોલીસે હવે વૃદ્ધાનો ગુમ થયેલો મોબાઈલ ફોન શોધવા માટે તેના સીડીઆર મંગાવ્યા છે. મોબાઈલના કોલ ડિટેઈલ રેકોર્ડ અને અન્ય ટેકનિકલ વિગતોની તપાસના આધારે હત્યાના ભેદ ઉકેલવા માટે પોલીસ પ્રયાસ કરી રહી છે.

### ઉકાઈ ડેમની...

એટલે કે દિવસ દરમિયાન પાણીની આવકમાં લગભગ અડધો ઘટાડો નોંધાયો હતો. દરમિયાન ઉકાઈ ડેમની જળસપાટી આજે વધીને 337.45 ફૂટે પહોંચી હતી. ડેમમાં પાણીની આવક ઘટી હોવા છતાં ઉપરવાસમાં પડેલા વરસાદને કારણે જળસપાટીમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે.

ઉકાઈ ડેમ માટે આવતીકાલે, બુધવાર 16 સપ્ટેમ્બરથી રુલ લેવલ 345 ફૂટ નક્કી કરવામાં આવ્યું છે. આથી હવે ડેમને 345 ફૂટ સુધી ભરવા દેવાશે. હાલમાં ડેમની સપાટી 337.45 ફૂટ હોવાથી આગામી દિવસોમાં પાણીની આવક અને જળસપાટીમાં થનારા વધારા પર સિંચાઈ અને જળસંપત્તિ વિભાગની નજર રહેશે. વરસાદના વિરામને કારણે ડેમમાં પાણીની આવકમાં ઘટાડો થયો છે, પરંતુ રુલ લેવલ વધારવામાં આવતાં હવે ઉકાઈ ડેમમાં વધુ પાણી સંગ્રહ માટેની સ્થિતિ ઊભી થઈ છે.

### સુરત સવા...

જ્યારે લઘુત્તમ તાપમાન આંશિક ઘટીને 25 ડિગ્રી નોંધાયું હતું. તાપમાનમાં વધારો થયો હોવા છતાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ રહેતા ઠંડકનો અહેસાસ યથાવત રહ્યો હતો. શહેરમાં હવામાં 89 ટકા ભેજ નોંધાયો હતો અને 10 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન ફૂંકાયો હતો. વરસાદી વાતાવરણ અને ભેજના કારણે દિવસ દરમિયાન પણ વાતાવરણ વાદળછાયું અને ઠંડકભર્યું રહ્યું હતું.

### સાથે કામ...

હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી છે. જોકે, બંનેએ કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે અંગે સિંગણપોર પોલીસે તપાસ શરૂ કરી છે.સ્મીમેર હોસ્પિટલમાંથી મળેલી માહિતી મુજબ મૂળ મહારાષ્ટ્રના અમલનેરની વતની અને હાલ વરાછા રોડ પર લાભેશ્વર ભવન પાસે રહેતી 29 વર્ષીય સુશીલા (નામ બદલ્યું છે) મંગળવારે સવારે વરાછા વિસ્તારમાં સફાઈ કામ માટે ગઈ હતી. જોકે, બપોર સુધી તે ઘરે પરત ન ફરતાં તેના પતિને ચિંતા થઈ હતી. પતિએ સુશીલાના મોબાઈલ પર ફોન કરતાં ફોન એક વ્યક્તિએ રિસીવ કર્યો હતો અને મહિલા તથા એક અજાણ્યો યુવાન મોટી વેડ પાળા નજીક વરિયાવ બ્રિજ નીચે નદીકિનારે સિદ્ધનાથ મહાદેવ મંદિર પાસે ઝેરી દવા પીધેલી હાલતમાં પડ્યા હોવાનું જણાવ્યું હતું. આ જાણ થતાં સુશીલાના પતિ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. ત્યાં બંનેને ગંભીર હાલતમાં જોઈ 108 એમ્બ્યુલન્સની મદદથી સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં ફરજ પરના તબીબે યુવાનને મૃત જાહેર કર્યો હતો. બીજી તરફ સુશીલાની સ્થિતિ ગંભીર હોવાથી તેના પરિવારજનો તેને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જોકે સારવાર દરમિયાન તેનું પણ મોત નીપજ્યું હતું. હાલમાં બંનેએ સામૂહિક રીતે આત્મહત્યા જેવું પગલું કયા કારણસર ભર્યું તે સ્પષ્ટ થયું નથી. આર્થિક, પારિવારિક કે અન્ય કોઈ કારણ જવાબદાર હતું કે કેમ, તે સહિતના વિવિધ મુદ્દે પોલીસે તપાસ શરૂ કરી છે. બંનેના મોબાઈલ ફોન અને અન્ય વિગતોના આધારે ઘટનાની કડીઓ જોડવામાં આવી રહી છે. સિંગણપોર પોલીસે બંનેના મોત અંગે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

#### બંને વચ્ચે સંબંધ હોવાની પોલીસને આશંકા

મહિલા પરિણીત હતી અને તેના લગ્ન આશરે 12 વર્ષ પહેલાં થયા હતા. તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. તેના પતિ પાલિકાના વરાછા ઝોનમાં ફરજ બજાવે છે. બીજી તરફ પરેશ પણ મહિલા સાથે એક જ ઓફિસમાં કામ કરતો હતો. બંને એકસાથે નદીકિનારે પહોંચ્યા અને ત્યારબાદ ઝેરી દવા પીધી હોવાના કારણે પોલીસ બંને વચ્ચે પ્રેમસંબંધ હોવાની દિશામાં પણ તપાસ કરી રહી છે.

# ટ્રેનમાં ઊંઘતા મુસાફરોના મોબાઈલ-લેપટોપ ચોરતો વિદ્યાર્થી પકડાયો

**8 લેપટોપ અને 8 મોબાઈલ સાથે 5.73 લાખનો મુદ્દામાલ જપ્ત**

**સુરત રેલવે સ્ટેશન પર CCTVના આધારે કાર્યવાહી,**

સુરતઃ સુરત રેલવે પોલીસે ટ્રેનમાં મુસાફરી કરતાં મુસાફરોના કિંમતી લેપટોપ અને મોબાઈલ ફોન ચોરી કરતાં એક ઈસમને ઝડપી પાડીને મોટી સફળતા મેળવી છે. પોલીસે આરોપી પાસેથી અલગ-અલગ કંપનીના 8 લેપટોપ અને 8 મોબાઈલ ફોન મળી કુલ રૂ.5,73,000ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી 19 વર્ષીય યુવક બીસીએના પહેલાં વર્ષનો વિદ્યાર્થી છે અને ખર્ચા કાઢવા માટે ચોરીના રવાડે ચઢ્યો હતો. રેલવે ટ્રેનોમાં સતત વધી રહેલી ચોરીની ઘટનાઓને ધ્યાનમાં રાખીને રેલવે પોલીસ દ્વારા ખાસ વોચ ગોઠવવામાં આવી હતી. સુરત રેલવે સ્ટેશન પરથી મુસાફરોના લેપટોપ ચોરી થયાની ફરિયાદો મળતા પોલીસે સ્ટેશનના CCTV ફૂટેજની ઝીણવટભરી તપાસ કરી હતી. CCTVમાં એક શંકાસ્પદ યુવક કેદ થયો હતો. જેના આધારે સર્વેલન્સ સ્ટાફ અને RPF ક્રાઈમ બ્રાન્ચની ટીમે પ્લેટફોર્મ નંબર 2 અને 3 પર પેટ્રોલિંગ દરમિયાન તેને દબોચી લીધો હતો. શરૂઆતમાં તેની બેગમાંથી બે HP કંપનીના લેપટોપ અને એક મોબાઈલ મળી આવ્યાં હતા, જે સુરત રેલવે પોલીસ સ્ટેશનના અનડિટેક્ટ ગુનાનો મુદ્દામાલ હોવાનું સામે આવ્યું હતું. પકડાયા બાદ પોલીસે તેની પૂછપરછ કરતાં તેણે પોતાનો ગુનો કબૂલી લીધો હતો. આરોપી અલગ-અલગ ટ્રેનોમાં મુસાફરી કરતો અને રાત્રિના સમયે મુસાફરો ઊંઘી જાય ત્યારે તેમની નજર ચૂકવીને બેગમાંથી લેપટોપ અને મોબાઈલની ચોરી કરી ફરાર થઈ જતો હતો. તેની પાસેથી વધુ તપાસ કરતાં 8 લેપટોપ અને 8 મોબાઈલ ફોન મળી આવ્યા હતા. પોલીસે તમામ મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ખર્ચા કાઢવા ચોરીના રવાડે ચઢ્યો હતો

પકડાયેલો આરોપી 19 વર્ષીય યુવક છે જે હાલ ડિંડોલી વિસ્તારમાં રહે છે અને મૂળ બિહારના સમસ્તીપુર જિલ્લાનો વતની છે. તે બીસીએના પહેલા વર્ષમાં અભ્યાસ કરે છે. પોતાના ખર્ચા કાઢવા માટે તે ચોરીના રવાડે ચઢ્યો હતો. તેની ધરપકડથી સુરત રેલવે પોલીસ સ્ટેશનના બે ગુના અને નંદુરબાર રેલવે પોલીસ સ્ટેશનનો એક ગુના સહિત કુલ ત્રણ ગુનાનો ભેદ ઉકેલાયો છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### રૂ. 2,000થી વધુના...

ટીકા કરવામાં આવી રહી હતી. UPI QR કોડ દ્વારા મહિનાના રૂ. 1 લાખ સુધીની કમાણી કરતા નાના વેપારીઓને આમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે - સરકારનું કહેવું છે કે આ છૂટછાટથી 96 ટકા મરચન્ટ ટ્રાન્ઝેક્શન નવા ચાર્જથી મુક્ત રહેશે. વ્યક્તિથી વેપારીવચ્ચે થતા રૂ. 2,000થી વધુના UPI ટ્રાન્ઝેક્શન પર મરચન્ટ ડિસ્કાઉન્ટ રેટ રૂ. 75,000 અને તેથી વધુની ચુકવણી માટે મહત્તમ રૂ. 300 નક્કી કરવામાં આવ્યો છે. વ્યક્તિથી વ્યક્તિ વચ્ચે થતા ટ્રાન્સફર જે UPIના કુલ વોલ્યુમના 37 ટકા અને તેના મૂલ્યના 70 ટકા છે - તેને સ્પર્શ કરવામાં આવ્યો નથી એટલે કે ફીમાંથી તેમને સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. એપ પ્રોવાઈડર્સને પ્લેટફોર્મ ફી ઉમેરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, અને બેંકોને સૂચના આપવામાં આવી છે કે તેઓ વેપારીઓને MDRનો ખર્ચ ગ્રાહકો પર નાખવા દે નહીં. નવી ફી વડે એકત્રિત થતા ફંડનો પાંચમો ભાગ નાના વેપારીઓ માટેના UPIના વિસ્તરણ માટે વાપરવામાં આવશે.

### રેલવે, ટેલીકોમ,...

સરકારી સેવાઓના બિલ કલેક્શન (વીજળી, પાણી, પાઇપલાઇન ગેસ) અને શૈક્ષણિક ફીની ચૂકવણી જેવી કે સ્કૂલ ટ્યુશન અને યુનિવર્સિટી ફી માટે 2,000 થી વધુના વ્યવહારો પર લાગુ થશે. 2,000 થી નીચેના વ્યવહારો માટે આ બંનેમાં છૂટ આપવામાં આવી છે. મ્યુચ્યુઅલ ફંડ્સ, સિક્યોરિટીઝ તેમજ સ્ટોક બ્રોકર્સ અને ડીલરો દ્વારા કરવામાં આવતી ચૂકવણીઓ પર 0.02 ટકા જેટલો ઓછો MDR લાગશે, જેની મહત્તમ મર્યાદા 300 નક્કી કરવામાં આવી છે -- આ દર રોકાણના ખર્ચને ઓછો રાખવા અને ઔપચારિક નાણાકીય બજારોમાં છૂટક (રિટેલ) રોકાણકારોની ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે રચવામાં આવ્યો છે.

### UPI ચૂકવણી...

(બળતણ) જેવા આવશ્યક ક્ષેત્રોએ પ્રતિ વ્યવહાર 5 નો ફ્લેટ MDR ચૂકવવાનો રહેશે.

- » મ્યુચ્યુઅલ ફંડ અને સ્ટોક બ્રોકર્સ માટેની ચૂકવણી પર 0.02% MDR લાગુ થશે, જે મહત્તમ 300 સુધી રહેશે.
- » સામાન્ય નાગરિકો માટે મફત UPI વ્યવહારો પર કોઈ માસિક ક્વોટા, વોલ્યુમ લિમિટ કે મર્યાદા રહેશે નહીં.

### બાંધછોડીયા...

દાવો કર્યો હતો કે, લોકોએ આવા ટ્રાન્ઝેક્શન માટે ફી ચૂકવવી પડે તે માટેની પૃષ્ઠભૂમિ સ્પષ્ટપણે તૈયાર કરવામાં આવી રહી છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે મોદી સરકારની લૂંટ હવે UPI સુધી પહોંચી ગઈ છે. ખડગેએ X પર હિન્દીમાં કરેલી એક પોસ્ટમાં લખ્યું, “ ’UPI પર કોઈ ફી નહીં’ ની નીતિ બદલીને હવે ‘રૂ. ૨,૦૦૦ સુધીના UPI ટ્રાન્ઝેક્શન પર કોઈ ફી નહીં’ કરી દેવામાં આવી છે. તેમણે ઉમેર્યું, “મોદી સરકારનો આ સૌથી મોટો યુ-ટર્ન જુઓ -- દસ વર્ષ પહેલાં, નોટબંધીએ દેશના અર્થતંત્રને ભારે આંચકો આપ્યો હતો. જ્યારે નોટબંધીના વિનાશક પરિણામો વિશે સવાલો ઉઠાવવામાં આવ્યા, ત્યારે સરકારે દલીલ કરી હતી કે ડિજિટલ પેમેન્ટ્સ અને કેશલેસ ઇકોનોમીને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હતો.”

### હવે અણુ શક્તિથી...

એન્જિનિયરિંગ પડકારોને પાર કરી લે છે, તો આવું વાહન સંભવિતપણે 2045 પછી સામે આવી શકે છે. આ પ્રસ્તાવ ચાઈનીઝ જર્નલ એક્ટા આર્મામેન્ટેરીમાં જૂનમાં પ્રકાશિત થયેલા એક સંશોધન પત્રમાં વિગતવાર આપવામાં આવ્યો હતો.

### વિદેશી વિદ્યાર્થી...

ભારતના ઘણા વિદ્યાર્થીઓ પણ સામેલ છે. જુલાઈમાં આખરી ઓપ આપવામાં આવેલા ટ્રમ્પ વહીવટીતંત્રના નિયમ અનુસાર, વિદ્યાર્થીઓ અને એક્સચેન્જ વિઝિટર વિઝા પર ચાર વર્ષની મર્યાદા અને ચીન સિવાયના પત્રકારોના વિઝા પર ૨૪૦ દિવસની મર્યાદા લાદવામાં આવી હતી. હવે મુલતવી રખાયેલા આ નિયમ મુજબ ચીનના મીડિયાકર્મીઓ માટે ઈશ્યુ કરાયેલા વિઝા પર ૯૦ દિવસની મર્યાદા હતી.

### બાંગ્લાદેશમાં...

સજા પામેલા લોકોમાં અવામી લીગના જનરલ સેક્રેટરી અને ભૂતપૂર્વ રોડ ટ્રાન્સપોર્ટ મંત્રી ઓબેદુલ કાદર, જોઈન્ટ જનરલ સેક્રેટરી બહાઉદ્દીન નાસીમ અને ભૂતપૂર્વ રાજ્ય મંત્રી (માહિતી અને પ્રસારણ) મોહમ્મદ અલી અરાફાત શામેલ છે. અન્ય ચારમાં જુબો લીગના ચેરમેન શેખ ફઝલ પરાશ, તેના જનરલ સેક્રેટરી મૈનુલ ખાન નિખિલ, બાંગ્લાદેશ છાત્ર લીગના પ્રમુખ સદ્દામ હુસૈન અને તેના જનરલ સેક્રેટરી શેખ વલી અસિફ એનાનનો સમાવેશ થાય છે.

### મેટા હવે...

છે. તેમણે ઉમેર્યું, આવા ગુનાઓ માટે જવાબદાર લોકોને સજા મળે તે સુનિશ્ચિત કરવા માટે અમે સરકાર સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ છીએ. પ્રવક્તાએ જણાવ્યું, આ નુકસાન સામે લડવાના આપણા પ્રયાસોને સામૂહિક રીતે મજબૂત કરવા માટે, મેટા હવે બાળ સુરક્ષા સંબંધિત બાબતોનું સીધું જ I4C દ્વારા સંચાલિત સાયબર ક્રાઈમ પોર્ટલ પર રિપોર્ટ કરશે.

### રશિયા પ્રતિબંધ...

ઈરાન એક્ટ’, માત્ર રશિયાના નેતૃત્વ અને ઉર્જા ક્ષેત્ર પર જ નહીં, પરંતુ તે શેડો ફ્લીટ (બિનઅધિકૃત જહાજોના કાફલા) પર પણ પ્રતિબંધો લાદવા માંગે છે જે મોસ્કોને તેલ પુરવઠા પરના પ્રતિબંધોમાંથી બચવામાં મદદ કરે છે. અમેરિકાનું માનવું છે કે રશિયાનો ક્રૂડ ઓઈલ વેપાર યુક્રેન સામેના યુદ્ધ માટે ભંડોળ પૂરું પાડી રહ્યો છે.

### અવકાશમાં...

સેટેલાઈટ શસ્ત્ર અંગેના અહેવાલોએ રશિયા અને ચીન તરફથી અવકાશમાં વધતા ખતરા અંગેની જૂની ચિંતાઓને દર્શાવી હતી, કારણ કે અમેરિકાનું મોટાભાગનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેટેલાઈટ કમ્યુનિકેશન પર નિર્ભર છે. તેમના સંબોધનમાં મેઈન્કે એ પણ જણાવ્યું હતું કે વાયુસેના તેની ક્ષમતાઓમાં વધુ સ્વાયત્ત પ્રણાલીઓ ઉમેરી રહી છે અને ભવિષ્યવાણી કરી હતી કે ૨૦૩૨ સુધીમાં સેવાઓનું સ્વરૂપ સંપૂર્ણપણે અલગ દેખાશે. ઉદાહરણ તરીકે, તેમણે ‘વન-વે અટેક ડ્રોન્સ’ને આર્ટિલરીની જગ્યાએ “મુખ્ય કિલર” તરીકે જોયા હતા. તેમણે કહ્યું, અમે વર્તમાન ખતરાઓ સામે સજ્જતા વધારી રહ્યા છીએ. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પે ૨૦૧૯માં ‘સ્પેસ ફોર્સ’ની સ્થાપના કરી હતી.

### ચીન-રશિયાએ...

તેની લશ્કરી ક્ષમતાઓનો વિસ્તાર કરવાનું અને બાહ્ય અવકાશમાં યુદ્ધની તૈયારી કરવાનું બંધ કરવા વિનંતી કરીએ છીએ. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે જણાવ્યું હતું કે, અમે અવકાશના સંપૂર્ણ બિનલશ્કરીકરણ તરફ કામ ચાલુ રાખવા માટે વ્યાપક આંતરરાષ્ટ્રીય એકીકરણ પર વિશ્વાસ રાખીએ છીએ.

### અવકાશમાં...

યુદ્ધક્ષેત્ર પર નજર અને ગુપ્ત માહિતી એકત્રિત કરવાનો તમામ આધાર પૃથ્વીની ભ્રમણકક્ષામાં ફરતા ઉપગ્રહો પર રહેલો છે. આ ઉપગ્રહોને નષ્ટ કરો અથવા નિષ્ક્રિય કરો, તો દુશ્મન દેશ સમગ્ર સૈન્ય કામગીરીને અંધારામાં ધકેલી શકે છે, તેમાં વિક્ષેપ પાડી શકે છે અથવા તેની ઝડપ ધીમી કરી શકે છે.

### 1967ની ‘આઉટર...

તમામ પરંપરાગત શસ્ત્રો કે સૈન્ય પ્રણાલીઓ પર પ્રતિબંધ મૂકતી નથી. આ બાબત દેશોને સંધિના મુખ્ય નિયમનો ટેકનિકલ ભંગ કર્યા વિના ઉપગ્રહોને નિશાન બનાવી શકે તેવી પ્રણાલીઓ વિકસાવવાની તક આપે છે.

### દિલ્હી ડાયરી...

અહેવાલો સૂચવે છે કે, ઇસ્લામાબાદે આ પગલું આગામી મહિને મની લોન્ડરિંગ અને ટેરર ફાઇનાન્સિંગ સામે લડતી આંતરસરકારી સંસ્થા ‘ફાઇનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ’ (એફએટીએફ)ની બેઠક મળે તેના માત્ર થોડા અઠવાડિયા પહેલાં જ ભર્યું છે. ભારતીય સુરક્ષા અને ગુપ્તચર તંત્રે પાકિસ્તાનના આ તાજેતરના પગલાને હળવાશથી લીધું છે. કારણ કે, તેઓ સારી રીતે જાણે છે કે, જૈશનો વડો પાકિસ્તાનમાં જ હક્કો જમાવીને બેસેલો છે અને પાકિસ્તાની અધિકારીઓને તેની પૂરી જાણકારી છે. એફઆઈએ દ્વારા જાહેર કરવામાં આવેલી સુધારેલી યાદીમાં અઝહરને ‘સશસ્ત્ર અને ખૂબ જ ખતરનાક’ ગણાવવામાં આવ્યો છે અને તેમાં ગુજરાંવાલા, મુલતાન અને લાહોરમાં તેની સામે નોંધાયેલા કેસોનો પણ સમાવેશ થાય છે.

#### અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સની નમ્રતા

જેને તમે ટૂંકા સમય માટે મળ્યા હોવ તે વ્યક્તિ પ્રત્યે આભાર વ્યક્ત કરવો એ નમ્રતા અને ગરિમા દર્શાવે છે. ૧૮મી બ્રિક્સ શિખર પરિષદમાં ભાગ લેવા માટે દિલ્હી આવેલા અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ બિન મોહમ્મદ બિન જાયદ અલ નાહયાને તેમની દિલ્હી મુલાકાત દરમિયાન આનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. પોતાના દેશ પાછા ફરતાં પહેલાં પોતાના ભારતીય ડ્રાઇવર સાથે હાથ મિલાવવાના પોતાના અંદાજે લોકોનાં દિલ જીતી લીધાં છે અને સોશિયલ મીડિયા પર તેની ચર્ચા થઈ રહી છે. ક્રાઉન પ્રિન્સ નવી દિલ્હીથી રવાના થયા તે પહેલાં તેમને એરપોર્ટ સુધી મૂકવા આવેલા ડ્રાઇવરનો આભાર માનતા દર્શાવતો વીડિયો ખૂબ ચર્ચામાં છે.